Mutvalli Sofija Jahurahmad
Senior Runner Up 1
Madresa High School
Himmatnagar



## "ડિજિટલ ટેક્નોલોજીઃ તે તમારું જીવન કઈ રીતે સુધારે છે? દેશ અને નાગરિકોની પ્રગતિ માટે ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કઈ રીતે કરવો જોઈએ એવું તમને લાગે છે?"

ડિજિટલ અભિયાન ભારત સરકારની પહેલ છે તેના મુખ્ય ઉદ્દેશ તમામ સરકારી કાર્યો ઓનલાઈન કરી દેવાનો ––– જેના કારકે દરેક નાગરિકોના કાર્યો ઝડપી સરળતાથી ––– પારદર્શન રીતે પૂર્ણ થઈ જશે. તેના કારણે પેપરવર્કમાં પણ ઘટાડો થશે. આ અભિયાનનો સૌથી મોટો ઉદ્દેશ ભ્રષ્ટાચાર નાબૂદ કરવાનો છે.

**ડિજિટલ ભારત એટલે શું?**

- ડિજિટલ લોકર સિસ્ટમ ભૌતિક દસ્તાવેજોનો ઉપયોગ ઓછો કરવા તથા ઈ–દસ્તાવેજો આદાન–પ્રદાનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી શરૂ કરાઈ છે.
- 'My Gov.in' ને નાગરિક ભાગીદારીને ઉત્તેજન આપવાના એક મંચ તરીકે લવાયુ છે. આ ક્રમમાં My Gov.in એપનો પણ શુભ આરંભ કરાયો હતો.
- સ્વચ્છ ભારત મિશન મોબાઈલ એપ્લિકેશન સ્વચ્છ ભારતના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે લોકો અને સરકાર સંગઠનો દ્વારા ઉપયોગમાં લેવાશે.
- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ શિષ્યવૃત્તિ પ્રક્રિયાને વધુ પારદર્શી બનાવશે.

**ડિજિટલ ભારત ભારતને ડિજિટલી સશક્ત સમાજમાં પરિવર્તિત કરવા એક મહત્ત્વકાંક્ષી કાર્યક્રમ છેઃ** ડિજિટલ ભારત કાર્યક્રમ ઓગષ્ટ–૨૦૧૪માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત તમામ વર્તમાન અને પહેલા બહાર પાડેલી ઈ–ગવર્નન્સ યોજનાઓમાં સુધારો કરીને ડિજિટલ બનાવવામાં આવશે. ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમની દેખરેખ માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. તેના અધ્યક્ષ વડાપ્રધાન છે.

**વડાપ્રધાન દ્વારા ડિજિટલ ભારત સપ્તાહની ઊજવણીઃ** દેશભરમાં ડિજિટલ ઈન્ડિયાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧ જુલાઈ ૨૦૧૫ના રોજ નવી દિલ્હી ખાતે ડિજિટલ ઈન્ડિયા સપ્તાહ શરૂઆત કરી હતી તેમણે આ સાથે ઈ–લોકર, ઈ–હોસ્પિટલ નેશનલ સ્કોલરશિપ પોર્ટલ પણ લોન્ચ કર્યું હતું આ કાર્યક્રમ માટે વડાપ્રધાને સાડા ચાર લાખ કરોડ રૂપિયાના ઈન્વેસ્ટમેંટની જાહેરાત પણ કરી હતી આ કાર્યક્રમ અંતર્ગત પુષ્કળ નોકરીઓનું સર્જન પણ કરવામાં આવશે.

**ડિજિટલ ભારતના લાભઃ** ૧) ડિજિટલ ભારત કાર્યક્રમના લોન્ચિંગ સાથે ભારત સરકાર દેશને ડિજિટલ સશક્ત ઈકોનો બનાવવાનું મોટું પગલું લીધું છે. ૨) તેના કારણે ભ્રષ્ટાચારમાં ઘટાડો થશે ૩) તેના કારણે કાર્ય પારદર્શિતા અને ઝડપી ૪) તેના કારણે પેપર વર્કમાં ઘટાડો થશે ૫) ડિજિટલ લોકર સવલત દ્વારા પાનકાર્ડ, પાસપોર્ટ, માર્કશીટ, ડિગ્રી જેવા અગત્યના ડોક્યુમેન્ટ ડિજિટલી સ્ટોર કરી શકાશે.

**ડિજિટલ ભારત સામે પડકારો**

- ૨,૫૦,૦૦૦ જેટલા ગામો સુધી બ્રોડબેન્ડ સુવિધાઓ માટે ઓપ્ટિકલ ફાયબર નેટવર્ક
- ઈ–કોમર્સ થકી ઉદ્ભવતી કાયદાકીય મુશ્કેલીઓ
- સાયબર સુરક્ષા અને ઈ–ગવર્નન્સ વિના ડિજિટલ ભારત કાર્યક્રમ નિષ્ફળ નિવડશે
- રાષ્ટ્રીય સાયબર સુરક્ષા પોલીસની નિમણૂંક

**ઉપસંહારઃ** ડિજિટલ ભારત મહત્વકાંક્ષી લક્ષ્યાંક ૨૦૧૯ સુધી તમામ પંચાયતોમાં બ્રોડબેન્ડ કનેક્ટીવિટી ઉપલબ્ધ કરાવવા તમામ સ્કૂલ અને કોલેજમાં વાઈ–ફાઈ સુવિધા આપવી અને તમામ મોટા શહેરોમાં જાહેર વાઈ–ફાઈ હોટ સ્પોટ સ્થાપવા સમાવેશ થાય છે. આરોગ્ય, કૃષિ શિક્ષા અને બેન્કિંગ ક્ષેત્રે પણ તેનો વિશેષરૂપ અમલ કરવામાં આવશે. જો ભારત સરકાર ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમમાં સફળતા મળે છે તો ભારત પણ વિકસિત દેશોની વિશ્વમાં ગર્વભેર ડગલાં માંડી શકશે.


Gujarati